EDII

Gujarat Samachar

June 9, 2016
Page No. 2
Of Gujarat Plus

# ઉદ્યોગસાહસિકતાએ માનસિક સ્થિતિ છે



ભારતીય ઉદ્યમીતા વિકાસ સંસ્થાન(ઈડીઆઈઆઈ) ખાતે બુધવારના રોજ ત્રીસમાં સમર કેમ્પનો સમાપન સમારોહ યોજાયો હતો. આ કેમ્પમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થઆન, ઉત્તરપ્રદેશ જેવા ૮ રાજ્યના કુલ ૪૫ પાર્ટિસિપેન્ટ્સે ભાગ લીધો હતો.

આ પ્રસંગે પાર્ટીસિપેન્ટ્સને સંબોધતા ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુકલાએ જણાવ્યું હતું કે, 'ઉદ્યોગ સાહસિકતાએ ધંધાથી ઘણી વિશેષ છે. ઉદ્યોગ સાહસિકતાએ એક માનસિક સ્થિતી છે. એક ઉદ્યોગ સાહસિક જ જોખમનું મહત્વ સમજી શકે છે. આ કેમ્પમાં શીખેલા પાઠ પાર્ટીસિપન્ટ્સને ઘણા ઉપયોગી નિવડશે.'

આ કેમ્પમાં પાર્ટીસિપન્ટ્સને કંઈક હટકે વિચારવાની અને પોતાની ગુપ્ત ક્ષમતાઓને પારખવાની તાલિમ આપવામાં આવી હતી. તેમજ તેમનામાં નેતૃત્વ, ટીમવર્ક અને સંશોધનવૃત્તિ જેવી કલા પણ ખીલવાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.